# વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગની કામગીરી

## ટેકનીકલ વિભાગ :–

સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન તથા મુખ્ય કચેરી, જુદા જુદા વિભાગો ધ્વારા ચાલતા સીવીલ પ્રોજેકટ કામો ઉપર આકસ્મિક ચેકીંગમાં કામની ગુણવત્તા, ટેન્ડર સ્પેશીફીકેશનનો અમલ તથા વાપરવામાં આવતા મટીરીયલની ગુણવત્તા તથા રાખવામાં આવતા સ્ટોકનું વેરીફીકેશનની કામગીરી કરવામાં આવે છે. તેમજ ફરજ ઉપરનાં સ્ટાફની હાજરી બાબતે ચેકીંગ કરવામાં આવે છે. અને આ ઉપરાંત જાહેર નાગરિક તરફથી કરવામાં આવતી અરજીઓ તથા પદાધિકારી તેમજ વહીવટી ઉચ્ચ હોદ્દેદારો તરફથી કરવામાં આવતા સુચનો સંબંધમાં જરૂરી કાર્યવાહી હાથ ધરી તે અંગેનો રીપોર્ટ મે. કમિશ્નરશ્રીને સાદર કરવામાં આવે છે અને મે. કમિશ્નરશ્રીનાં આદેશ અન્વયે જરૂરી પૂર્તતા માટે સંબંધિત ખાતા/ઝોનનાં વિભાગીય વડા પ્રતિ મોકલાવી તેનાં કોમ્પલાયન્સ રીપોર્ટ મેળવવાનાં હોય છે.

## રેવન્યુ વિભાગ :–

સુરત મહાનગરપાલિકાનાં મુખ્ય કચેરી ઝોનની મુખ્ય કચેરી ઉપરાંત ઝોનનાં તાબા હેઠળની વોર્ડ ઓફિસો તેમજ મહાનગરપાલિકાનાં હેલ્થ સેન્ટરો, મેટરનીટી હોમ તથા હોસ્પીટલોમાં ફરજ બજાવતા કર્મચારીઓની હાજરી, યુનિફોર્મ ઉપરાંત ઝોનનાં તાબા હેઠળની આરોગ્ય ખાતાની વોર્ડ ઓફિસ ખાતે રાખવામાં આવતા જંતુનાશક દવાનાં સ્ટોકની તથા કામદારો ધ્વારા કરવામાં આવતી ફિલ્ડની કામગીરી તેમજ જુદા જુદા ખાતાની કામગીરી તેમજ રેવન્યુ આવકમાં વધારો થાય તેવી બાબતો તેમજ જાહેર જનતા તેમજ પદાધિકારી તરફથી આવતી અરજીઓ તથા ઉચ્ચ વહીવટી અધિકારી તરફથી કરવામાં આવતા સુચનો અન્વયે વિગતવાર તપાસ કરી તે અંગેનો રીપોર્ટ મે. કમિશ્નરશ્રીને સાદર કરવાનો હોય છે અને જે ઉપર મે. કમિશ્નરશ્રીનાં આદેશ અન્વયે જરૂરી પૂર્તતા તેમજ જવાબદાર કર્મચારી/અધિકારી સામે પગલાં લેવા માટે સબંધિત ખાતા/ઝોનનાં વિભાગીય વડાશ્રીને રીપોર્ટ મોકલાવી જેનાં કોમ્પલાયન્સ રીપોર્ટ મેળવવાનાં હોય છે.